RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૧૮ તા.૧૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે.જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે.જાંગીડની તા. ૧૩–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) છેલ્લા બે વર્ષમાં ટી.પી.૩૩,(ડુંભાલ)માં ગેરકાયદે અથવા મંજૂર પ્લાન વિરૂધ્ધ ઊભા થયેલા ઊભા થતાં બાંધકામો બદલ બાંધકામધારકો પાસેથી ઈમ્પેકટ ફી વસુલ કરીને રેગ્યુલરાઈઝડ કર્યા હોય તેવા બાંધકામધારકોના નામ, સરનામું, વસુલ કરેલ ઈમ્પેકટ ફીની રકમ સહિતની વિગતવાર માહિતી આપશો. વિ.મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૮/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે.જાંગીડની તા. ૧૩–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) છેલ્લા બે વર્ષમાં ટી.પી.૩૩,(ડુંભાલ) માં ગેરકાયદે અથવા મંજૂર પ્લાન વિરૂધ્ધ ઊભા થયેલા / ઊભા થતાં બાંધકામો બદલ બાંધકામધારકો પાસેથી ઈમ્પેકટ ફી વસુલ કરીને રેગ્યુલરાઈઝડ કર્યા હોય તેવા બાંધકામધારકોના નામ, સરનામું, વસુલ કરેલ ઈમ્પેકટ ફીની રકમ સહિતની વિગતવાર માહિતી આપશો વિ.મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૧ તા.૧–૧૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારાજગી હોય તો મુદ્દાવાર સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/આ. ૨૭૪૧ તા.૨૨–૧૨–૧૧ થી અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત,નોંધ વિભાગ,અરજદારને પાઠવેલ જવાબ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૩૪૦ તા.૧૮–૧૧–૧૧ની તથા પત્ર નં.૨૭૪૧ તા.૨૨–૧૨–૧૧ થી અરજદારને પાઠવેલ પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૩–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી લીંબાયત ઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.૧ છેલ્લા બે વર્ષમાં ટી.પી.૩૩, (ડુંભાલ) માં ગેરકાયદે અથવા મંજૂર પ્લાન વિરૂધ્ધ ઊભા થયેલા, ઊભા થતાં બાંધકામો બદલ બાંધકામધારકો પાસેથી ઈમ્પેકટ ફી વસુલ કરીને રેગ્યુલરાઈઝડ કર્યા હોય તેવા બાંધકામધારકોના નામ, સરનામું, વસુલ કરેલ ઈમ્પેકટ ફીની રકમ સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.ર ઈમ્પેકટ ફી ભર્યા બાદઆપના વિભાગ તરફથી આપવામાં આવેલ રેગ્યુલરાઈઝડના પ્રમાણપત્રોની નકલો આપશો. મુદ્દા નં.૩ ઉપરોકત બાંધકામ ધારકો પાસેથી ઈન્પેકટ ફી પેટે જે જે મિલ્કતધારકોએ ચેક આપ્યા હોય તે ચેક, તારીખ, રકમ સહિતની વિગત આપશો. તથા આ ચેક આપ્યા બાદ કોર્પોરેશનના ખાતામાં જમા કરાવ્યા બાદ ચેક રીટર્ન થયા હોય તેવા બાંધકામધારકોના નામ, સરનામા સહિતની વિગત આપશો. તથા રીટર્ન થયેલ ચેકો સામે આપના વિભાગે ત્યારબાદ કઈ કઈ કાર્યવાહી કરી તેની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.૪ ઈમ્પેકટ ફીના ચેક આપ્યા બાદ આપના વિભાગ તરફથી ગેરકાયદે બાંધકામ રેગ્યુલરાઈઝડ કરવા અંગેનું પ્રમાણપત્ર આપ્યા બાદ ચેક રીટર્ન થયા હોય તેવા બાંધકામ ધારકનું નામ, સરનામું સહિતની વિગત આપશો. તથા આવા બાંધકામધારક વિરૂધ્ધ ત્યારબાદ કઈ કઈ કાર્યવાહી કરી તેની વિગતો આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી છેલ્લા બે વર્ષમાં ટી.પી.૩૩,(ડુંભાલ)માં ગેરકાયદે અથવા મંજૂર પ્લાન વિરૂધ્ધ થયેલ બાંધકામ બાબતે લીંબાયતઝોન ધ્વારા કોઈ પણ ઈમ્પેકટ ફીની રકમ વસુલવામાં આવેલ નથી. તેમજ ઈમ્પેકટ ફીની રકમનો ચેક રીટર્ન થયેલ નથી. તથા બાંધકામ રેગ્યુલરાઈઝડ કરવા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ. જયારે અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારાજગી હોય તો મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા જણાવેલ તેમ છતા કોઈ વિગત રજુ કરેલ નથી. અરજદારે તેમની અરજીમાં કોઈ નિશ્ચિત સમયગાળો જણાવેલ નથી. અપીલ તબકકે પણ ને અંગે કોઈ પુરી રજૂઆત કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૩–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનુ રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે.જાંગીડ,